# <u>અમદાવાદનાં મે.એડી. ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબશ્રીની કોર્ટ નં.૧૬, અમદાવાદ.</u>

**ક્રિ.કેસ ન.૧૮૪૧૯/૧૯**

ફરીયાદીઃ સરકારશ્રી,

વિરુધ્ધ

આરોપી : પિયુષભાઈ જયસુખભાઈ ગોધાણીયા

::જજમેન્ટ::

આ કામે ફરીયાદી પક્ષે આરોપી ઉપર IPC ની કલમઃ૧૮૮ મુજબનાં ગુનાનો આરોપ મુકેલો છે. આ ગુનાનાં આરોપીને સમન્સ કરતા આરોપી હાજર થયેલા, તેમને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમઃ૨૦૭ મુજબ પોલીસ પેપર્સની નકલો પુરી પાડતા આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનો કબુલ કરી ગુના કબુલાત પુરસીસસ કામમાં દાખલ કરેલી છે તે રીતે આરોપીનું પ્રાથમિક નિવેદન લેતા આરોપીએ સ્વૈચ્છિક રીતે ગુનાનો સ્વીકાર કરી એવી રજુઆત કરી છે કે, તેઓનો હાલનો પ્રથમ ગુન્હો છે. તેમની આર્થિક પરિસ્થિતી ખુબજ નબળી છે. હવ પછી આ પ્રકારની ભુલ કરશે નહી દયા કરી તેમને હળવી રકમનો દંડ કરવા અરજ કરેલ છે. આરોપી તેન સામેનાં આક્ષેપોનાં સ્વીકાર કરતા હોય આ ગુન્હાની કબુલાત સ્વૈચ્છિક હોવાની ખાતરી આપેલ છે. આરોપી ગુન્હાનો સ્વીકાર કરતા હોય તેમને તકસીરવાન ઠરાવ્યા સિવાય આ અદાલત પાસે બીજો કોઈ વિકલ્પ નથી. આ કામનાં આરોપીની રજુઆત તેમજ આર્થિક, સામાજીક, કૌટુંબિક પરિસ્થિતી નજર સમક્ષ રાખતા આરોપીને હળવી રકમનો દંડ કરવામાં આવે તો ન્યાયનો હેતું સરે તેમ છે. તે રીતે નામ.ગુજરાત હાઈકોર્ટનાં ચુકાદા STATE OF GUJARAT V/S NATVAR HARKHCHANDJI THAKOR 2004(1)G.L.P.709 2005(1) GCD 749 તે માં ઠરાવેલ સિધ્ધાંતો નજર સમક્ષ રાખતા કાયદામાં ઠરાવેલ લ ઘુતમ સજા કરતા પણ ઓછી સજા ખાસ સંજોગોમાં અદાલત કરીશકે છે તેવું ઉપરોકત ચુકાદામાં ઠરાવેલ છે.જે મુજબ નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

## <u>–: આખરી હુકમઃ–</u>

આ કામનાં આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમઃ૨૫૨ અન્વયે IPC ની કલમઃ૧૮૮ નાં ગુનામાં તકસીરવાન ઠરાવી દરેક ગુના મળી તમામ ગુનામાં સંયુકત અને વિભકત રીતે કુલ્લે રૂા.૧૦૦/–(અંકે એકસોપુરા)નો દંડની સજા ભોગવવાનો હુકમ ફરમાવવામાં આવે છે.અને જો આરોપી દંડ ન ભરે તો દિન–૨ની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

આ કામે બીનકીમતી મુદામાલનો અપીલ સમય બાદ નાશ કરવો અને કીમતી મુદામાલનો જો અગાઉ વચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે હુકમ કાયમ કરી તે હુકમથી લાગેલ શરતો અપીલ સમય રદ કરવાનો હુકમ કરવામાં આવે છે. જો કીમતી મુદામાલ રોકડ રકમ કબજે કરવામાં આવેલ હોય તો આવી રકમ અપીલ સમય બાદ શ્રી સરકાર ખાલસા કરવી.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં મારી સહી કરી હુકમ વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૯/૩/૧૯
અમદાવાદ.

(દિપક સુર્યકાંત ડાભી)
એડીશનલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૬, અમદાવાદ
કોડ નં. જીજે૦૦૧૦૧૮